અપીલ અરજી નં.૪૩૦ તા.૨–૩–૧૦

અરજદારઃ– શ્રી અમૃતભાઈ કેશવભાઈ ધનાણી

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમૃતભાઈ કેશવભાઈ ધનાણીની તા.૧૨–૧–૧૦ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૩૧ (અડાજણ)માં ઓ.પી.નંબર–૧ સર્વે નં.૧માં બંધાયેલ સુરત મહાનગરપાલિકાની સ્કુલ પ્રાથમિક શાળા નં.૧૫૦/૧૫૧ બાબત. (૧) સદરહુ સ્કુલ કયાં પુરાવાને આધારે મંજુર થયેલ છે? તેમજ બાંધકામ થયેલ છે તેના પુરાવા આપો. (૨) સર્વે નં.૧ અને સર્વે નં.૨/૧ ને કયા પુરાવાને આધારે ટી.પી. સ્કીમમાં એક જ ફાઈનલ પ્લોટ ફાળવ્યો. (તેના પુરાવા સહિતની માહિતી આપવી.) (૩) અમારી માલિકીની જગ્યા સર્વે નં.૧ ની સામે મળતી જગ્યા અલગથી કેમ આપેલ નથી? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૩૦/૨૦૦૯–૧૦

શ્રી અમૃતભાઈ કેશવભાઈ ધનાણીની તા.૧૨–૧–૧૦ની અરજી બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૯ તા.૧૧–૩–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મળેલી માહિતીની નકલ રજૂ કરી કયા આધાર પર નારાજગી છે તે સ્પષ્ટતા કરવા તથા તેઓની જાણ હેઠળ અન્ય જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ થયેલ હોય તો તેની માહિતી અંગે અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી મળેલ નથી. તથા અરજદાર તરફથી તા.૨૦–૩–૧૦ ના પત્રમાં રાંદેરઝોન તરફથી કોઈ જવાબ મળેલ નથી. તેથી અપીલ અરજી કરેલ છે. તેમજ અન્ય માહિતી અધિકારીને અરજી તબદીલ કર્યા અંગેની કોઈ માહિતી મળેલ નથી તેવું અરજદારે જણાવેલ છે.

અરજદારની તા.૧૨–૧–૧૦ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૩૧ (અડાજણ)માં ઓ.પી.નંબર–૧ સર્વે નં.૧માં બંધાયેલ સુરત મહાનગરપાલિકાની સ્કુલ પ્રાથમિક શાળા નં.૧૫૦/૧૫૧ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) સદરહુ સ્કુલ કયાં પુરાવાને આધારે મંજુર થયેલ છે? તેમજ બાંધકામ થયેલ છે તેના પુરાવા આપો. (૨) સર્વે નં.૧ અને સર્વે નં.૨/૧ ને કયા પુરાવાને આધારે ટી.પી. સ્કીમમાં એક જ ફાઈનલ પ્લોટ ફાળવ્યો. (તેના પુરાવા સહિતની માહિતી આપવી.) (૩) અમારી માલિકીની જગ્યા સર્વે નં.૧ ની સામે મળતી જગ્યા અલગથી કેમ આપેલ નથી? તેની માહિતી આપવા બાબતની અરજદારની સહી વિનાની અરજી કરેલ છે. જેના અનુસંધાને અરજદારે નિર્દિષ્ટ સમયગાળ ામાં નહી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી. તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ માહિતીના ઈન્કાર અંગેનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૨–૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહી પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી અમૃતભાઈ કેશવભાઈ ધનાણી